# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૧૪૦ તા. ૧૧-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષયઃ- જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ માટે અરજી કરવા અંગે.**

આથી તમામ મ્યુનિ.શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ભારત સરકારનાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય ની સ્વાયત્ત સંસ્થા નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા જવાહર નવોદય વિદ્યાલય અમદાવાદ જિલ્લામાં જુલાઇ ૨૦૧૭થી શરૂ કરવામાં આવનાર છે.જવાહર નવોદય વિદ્યાલયમાં સહ શિક્ષણ આપવામાં આવે છે જેમાં છાત્ર-છાત્રાઓ માટે અલગ રહેવાની વ્યવસ્થા છે. સ્ટાફ પણ વિદ્યાલય કેમ્પસમાં જ રહે છે. રાષ્ટ્રીયતાના વિકાસ માટે ધોરણ ૯ માં ભણતા બાળકોમાંથી ૩૩% બાળકોને એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં એક વર્ષ માટે સ્થાનાંતરિત કરવામાં આવે છે. અહી પ્રવેશ મેળવેલ બાળકને શિક્ષણ,નિવાસ,સ્ટેશનરી,શિક્ષણને લગતું સાહિત્ય અને ગણવેશ વિના મુલ્યે પુરા પાડવામાં આવે છે.આધુનિક સાંસ્કૃતિકમુલ્યો પર આધારિત ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પર્યાવરણ નું જ્ઞાન આપતું શિક્ષણ આપવામાં આવે છે.વધુ વિગતો નવોદિત વિદ્યાલય સમિતિની વેબસાઇટ **www.nvshq.org** અને **www.nvsropune.gov.in** પરથી મેળવી શકશો.જેની **પ્રવેશ પરીક્ષા** ૦૮-૦૪-૨૦૧૭ નાં રોજ અમદાવાદ જિલ્લાના તાલુકાઓના નિર્ધારિત કેન્દ્રો પર યોજવામાં આવશે. હાલ ધોરણ ૫ માં અભ્યાસ કરતા બાળકો જ પ્રવેશ પરીક્ષાનું ફોર્મ ભરવા પાત્ર છે. પ્રવેશ પરીક્ષાનું **અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ** ૩૧-૦૧-૨૦૧૭ છે. આ માટેનાં અરજી પત્રકો જે-તે ઝોન ઓફિસેથી મેળવી શકાશે તેમજ આ સાથે સામેલ નમુના પ્રમાણે અરજીની ઝેરોક્ષ કોપી કરી ફોર્મમાંની તમામ વિગતો સંપૂર્ણ ભરી શાળાનાં આચાર્યશ્રીનાં સહી-સિક્કા તથા મદદનીશ શાસનાધિકારીશ્રીનાં સહી-સિક્કા કરી તા.૩૧-૦૧-૨૦૧૭ પહેલા મુખ્ય ઓફિસ, એલિસબ્રિજ શાળા નં.૧૦, હેડ ક્લાર્ક બ્રાન્ચમાં પહોંચાડવાનાં રહેશે.અરજી પત્રકનાં ફોર્મ જવાહર નવોદય વિદ્યાલય, સામેત્રી , જિ.ગાંધીનગર થી તથા વેબસાઇટ **www.jnvgandhinagar.org** પરથી ડાઉનલોડ કરી શકાશે. અરજીપત્રકની તમામ વિગતો સંપૂર્ણરીતે ભરાયેલ છે તેની ખાતરી કર્યા પછી જ અરજી જમા કરાવવી. અધુરી વિગતોવાળી અરજી સ્વીકારવામાં આવશે નહીં તેની નોંધ લેશો. આ અંગેની જાહેરાત જવાહર નવોદય વિદ્યાલય,અમદાવાદ દ્વારા તા.૦૯-૦૧-૧૭નાં રોજ ''દિવ્ય ભાસ્કર'' દૈનિકપત્રમાં આપવામાં આવેલ છે.

તા.૧૧-૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અરજી આપવાની છેલ્લી તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૧૭ છે

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ને અરજી
આપવાની છેલ્લી તારીખ ૩૧/૦૧/૨૦૧૭
પરીક્ષાની તા.૦૮/૦૪/૨૦૧૭
સમય-સવારે ૧૧.૩૦કલાકે

## જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા ૨૦૧૭

અરજી પત્રક

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, કે તેમના સમકક્ષ
અધિકારીશ્રીની ઓફિસમાં અરજી આપવાની છેલ્લી તારીખ ~~૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૬~~ ૩૧ જાન્યુ. ૨૦૧૭

રોલ નં. | | | | | | |

(જવાહર નવોદય વિદ્યાલયે ભરવાનું)

ઉમેદવાર જ્યાં પાંચમાં ધોરણમાં ભણતા હોય તે શાળાના વડાનાં સહી સિક્કા સાથેનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો.

નોંધ :- અરજી પત્રક ભરતા પહેલા દરેક કોલમની સૂચનાઓ ધ્યાનથી વાંચીને સ્પષ્ટ વંચાય તેવા અક્ષરે ભરો. અપૂર્ણ અને અસ્પષ્ટ અરજી પત્રકો રદ કરવામાં આવશે. સૂચનાઓ માટે પાના નં.૪ જુઓ.

નામ પિતાનું નામ અટક

કુમાર/કુમારી ______________________________

૨. યોગ્ય ખાનામ ☑ નિશાન કરો.

ક) લિંગ :

| છોકરો | છોકરી | નાન્યતર |
|---|---|---|
| | | |

ખ) વર્ગ :

| સામાન્ય | અનુ.જાતિ | અનુ.જનજાતિ | અન્ય પછાત |
|---|---|---|---|
| | | | |

ગ) ક્ષેત્ર :

| ગ્રામ્ય | શહેરી |
|---|---|
| | |

ઘ) શારીરિક રીતે અપંગતા :

| શારીરિક રીતે અપંગ | દષ્ટિની ખામી | બહેરા મુંગા |
|---|---|---|
| | | |

૩. જન્મ તારીખ : અંકમાં

| તા રી ખ | | મ હિ નો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

શબ્દો માં ______________________________

૪. ઓળખચિન્હ ______________________________

૫. ક) માતાનું નામ : ______________________________

ખ) પિતાનું નામ : ______________________________

ગ) વાલીનું નામ : ______________________________

ઘ) ઉમેદરવાર સાથેનો સંબંધ : ______________________________

ચ) વાલીની વાર્ષિક આવક : રૂ. __________ શબ્દોમાં __________

૬ ક) હાલનું ટપાલનું સરનામું ______________________________

______________________________ પીનકોડ : __________

ખ) કાયમી સરનામું ______________________________

______________________________ પીનકોડ : __________

ઘ) ફોન : એસટીડી કોડ સાથે __________ ઈમેઈલ __________ મોબાઈલ __________

૭. રાષ્ટ્રીયતા : ______________________________

૮. ધર્મ : ______________________________

૯. ઉમેદવારે જ્યાંથી ધોરણ ત્રણ, ચાર, પાસ કર્યા હોય તે શાળાઓ અને પાંચમું ધોરણ ભણતો હોય તે શાળા

| | | ધોરણ | ધોરણ-૩ | ધોરણ-૪ | ધોરણ-૫ |
|---|---|---|---|---|---|
| ક. | ૧. | શાળાનું નામ | | | |
| | ૨. | શાળાની માન્યતા (માન્ય /અમાન્ય) | | | |
| ખ. | ૧. | દાખલ થયાનો મહિનો અને વર્ષ | | | |
| | ૨. | પાસ કર્યાનો મહિનો અને વર્ષ | | | |
| ગ. | | ગામ | | | |
| ઘ. | | તાલુકાનું નામ | | | |
| ચ. | | જિલ્લાનું નામ | | | |
| છ. | | શાળા ગ્રામીણ કે શહેરી વિસ્તારમાં આવેલી છે ? (માત્ર ગ્રામીણ કે શહેરી લખો) | | | |

૧૦. પરીક્ષાનું માધ્યમ : જે ભાષા / માધ્યમમાં ઉમેદવારે પરીક્ષા આપવાની હોય તે (માહિતી પત્રકમાં જણાવેલી ૨૧ ભાષામાંથી કોઈ એક ભાષા) ....................

૧૧. ગ્રામીણ ઉમેદવાર ગણાશે જો :-

અ) ઉમેદવારે ગ્રામીણ વિસ્તારની કોઈપણ માન્ય શાળાઓમાં ધોરણ ત્રણ, ચાર અને પાંચ શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ કર્યો હોય. અભ્યાસમાં પુનરાવર્તન ન હોય અને જો ઉમેદવારે એક દિવસ શહેરી શાળામાં ભણ્યો હશે તો તે શહેરી ગણાશે.

બ) જ્યાં નેશનલ ઓપન સ્કૂલ હેઠળ આવરી લેવાયેલા વિસ્તારોમાં ઉમેદવાર પરીક્ષા આપે છે, પરંતુ તે ગામડાના રહેવાસી છે એવું પ્રમાણપત્ર આપવામાં આવે તો તેને ગ્રામીણ ગણવામાં આવશે.

## અરજદાર / વાલીની બાંહેધરી

હું પ્રમાણિત કરી આપું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ અને સમજ પ્રમાણે સાચી છે. હું જાણું છું કે પસંદગી પામવા છતાં જો ઉમેદવાર ફોર્મમમાં દર્શાવેલ માહિતીના પુરાવા રૂપે સંબંધિત પ્રમાણપત્રો પ્રવેશ સમયે પ્રસ્તુત કરશે તો જ તે પ્રવેશ માટે લાયક રહેશે.

હું સમજું છું કે રાષ્ટ્રીય એકતા વધારવા અને નવોદય વિદ્યાલય યોજના મુજબ એક બિન હિંદી ભાષી રાજયના જવાહર નવોદય વિદ્યાલયના વિદ્યાર્થીને બીજા હિંદી ભાષી રાજયના જવાહર નવોદય વિદ્યાલયમાં સ્થળાંતર કરવાનું હોય છે. હું આ પ્રમાણેના જવાહર નવોદય વિદ્યાલયના નિયમો પાળવા માટે બંધાઉ છું.

ઉમેદવારની સહી ______________ માતા/પિતા/વાલીની સહી ______________

ઉમેદવારનું નામ ______________ માતા/પિતા/વાલીનું નામ ______________

સ્થળ ______________

તારીખ ______________

---

## અરજદાર ભણતો હોય તે શાળાના આચાર્યનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરી આપવામાં આવે છે કે આ અરજીપત્રકમાં આપેલી માહિતી કુમાર / કુમારી .......................... .......................... જે .......................................... ના પુત્ર/પુત્રીની છે તે માહિતી શાળાના રેકોર્ડ મુજબ સાચી છે.

આચાર્યની સહી ______________ તાલુકા પ્રા.શિ.અધિકારી ની સહી ______________

અધિકારીનો સિકકો [ ] અધિકારીનો સિકકો [ ]

આચાર્યનો મો.નંબર ______________

સ્થળ ______________ સ્થળ ______________

તારીખ ______________ તારીખ ______________

---

## ફકત નવોદય વિદ્યાલય ઓફિસના ઉપયોગ માટે

| રાજય | જિલ્લો | તાલુકો | કેન્દ્ર |
|---|---|---|---|
| | | | |

વર્ગીકરણ કરનારનું નામ અને સહી ______________ આચાર્યની સહી ______________

સ્થળ ______________

તારીખ ______________ ઓફિસનો સિકકો [ ]

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ને અરજી
આપવાની છેલ્લી તારીખ ૩૧/૦૧/૨૦૧૭
પરીક્ષાની તા.૦૮/૦૪/૨૦૧૭
સમય – સવારે ૧૧.૩૦કલાકે

પરીક્ષાની તારીખ ૦૮/૦૪/૨૦૧૭

**જવાહર નવોદય વિદ્યાલય પસંદગી પરીક્ષા ૨૦૧૭**
**પ્રવેશ પત્રક**
પરીક્ષાની તા.૦૮/૦૪/૨૦૧૭ સવારે : ૧૧:૩૦ કલાકે.

ઉમેદવાર જ્યાં પાંચમાં ધોરણમાં ભણતા હોય તે શાળાના વડાનાં સહી સિક્કા સાથેનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવો.

(જ.ન.વિ. કાર્યાલયના ઉપયોગ માટે)

| રાજય | જિલ્લો | તાલુકો | કેન્દ્ર | રોલ નંબર |
|---|---|---|---|---|
| | | | | |

નામ :
પરીક્ષા કેન્દ્રનું નામ :

(ઉમેદવાર નીચેની માહિતી મોટા અક્ષરોમાં પ્રાદેશિક ભાષામાં ભરવી તેની ઉપર શાળાના વડાના સહી સિક્કા કરાવવા)

૧. પરીક્ષાનું માધ્યમ : ______ (કોલમ નં.૧૦ માં આપેલી સૂચના મુજબ)

૨. ઉમેદવારનું નામ : કુમાર/કુમારી ........................................

૩. ક) માતાનું નામ ........................................
ખ) પિતાનું નામ ........................................
ગ) વાલીનું નામ ........................................
ઘ) ઉમેદવાર સાથેનો સંબંધ ........................................

૪. ક) હાલનું ટપાલનું સરનામું ........................................
ખ) કાયમી સરનામું ........................................
........................................પીન કોડ નં.....................
ગ) ફોન : (એસ.ટી.ડી. કોડ સાથે) : લેન્ડલાઈન .................... મોબાઈલ : ....................

૫. જન્મ તારીખ (આંકડામાં) :

| તા રી ખ | | મ હિ નો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

(શબ્દોમાં) ........................................

૬. યોગ્ય ખાનામાં ☑ નિશાન કરો :

ક) લિંગ

| છોકરો | છોકરી | નાન્યતર |
|---|---|---|
| | | |

ખ) વર્ગ :

| સામાન્ય | અનુ.જાતિ | અનુ.જનજાતિ | અન્ય પછાત |
|---|---|---|---|
| | | | |

ગ) ક્ષેત્ર

| ગ્રામ્ય | શહેરી |
|---|---|
| | |

૭. શારીરિક રીતે અપંગતા (યોગ્ય ખાનામાં ☑ નિશાની કરો)

| શારીરિક રીતે અપંગ | દષ્ટિની ખામી | બહેરા મુંગા |
|---|---|---|
| | | |

૮. શાળાનું નામ જ્યાં ઉમેદવાર પાચમું ધોરણ ભણે છે. ગામ .................... તા....................
જિ.................... ફોન નં. ....................

........................................
ઉમેદવારની સહી
(જે શાળામાં ભણતો હોય તે શાળાના વડાની હાજરીમાં)

........................................
શાળાના વડાની સહી અને સિક્કો
(શાળાના જે વડાએ ફોટો પ્રમાણિત કર્યો હોય તે)

રોલ નંબર આપનાર જવાહર નવોદય વિદ્યાલયના
આચાર્યની સહી અને સિક્કો : ........................................

વાલીની વિનંતી : આ ફોર્મ આપ્યા પછી પહોંચ મેળવી લેવી. આ પહોંચ જે તે તાલુકા શિક્ષણ અધિકારી કે તેમના સમકક્ષ અધિકારીશ્રી પાસેથી મેળવવી. જો પ્રવેશ પરીક્ષાની તારીખના અઠવાડિયા પહેલા પ્રવેશપત્ર ન મળે તો જવાહર નવોદય વિદ્યાલયના આચાર્યશ્રી / જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીકે તેમના સમકક્ષ અધિકારીનો તાત્કાલિક સંપર્ક સાધવો.

**પહોંચ**

કુમાર/કુમારી .................... શ્રી .................... ના પુત્ર/પુત્રીની જવાહર નવોદય પસંદગી પરીક્ષા ૨૦૧૬ માં પ્રવેશ માટેનું અરજીપત્રક મળેલ છે.

તારીખ : ....................

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, / સમકક્ષ અધિકારીની
સહી અને સિક્કો

# અરજીપત્રક ભરતી વખતે ધ્યાનમાં રાખવાં જેવી બાબતો

જવાહર નવોદય વિદ્યાલયના છઠા ધોરણમાં દાખલ થવા માટેનું અરજીપત્રક સ્પષ્ટ છે. તો પણ વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા/વાલીઓને અરજીપત્રક ભરવામાં સરળતા રહે તે હેતુથી નીચેની બાબતો પ્રત્યે ધ્યાન ખેંચવામાં આવે છે.

૧) માહિતીપત્રક તથા અરજીપત્રક ધ્યાનથી વાંચો. અરજીપત્રક ભરતાં પહેલા તમારી જન્મ તારીખ ૧-૫-૨૦૦૪ થી ૩૦-૪-૨૦૦૮ સુધીમાં છે તે ખાતરી કર્યા પછી જ અરજીપત્રક ભરો તમે જે શાળામાં ધો. ૩,૪,૫ ભણો છો તે શાળા (સરકારી / સરકાર અનુદાનિત / સરકાર માન્ય / અધિકૃત સંસ્થા / NIOS ) છે તેની ખાત્રી કરી લો.

૨) બરાબર ખાતરી કર્યા પછી જ યોગ્ય ખાનામાં ☑ કરવું. દા.ત. એસ.સી., એસ.ટી., ઓબીસી, અપંગ ઉમેદવાર, હોય તો તે સ્પષ્ટ લખવું. જાતિ દર્શાવતા ખાનામાં ટીક કરતી વખતે ખોટા ખાનામાં ટીક માર્ક ન થઈ જાય તેનું ધ્યાન રાખવું. જો પ્રવેશ સમયે એવી જાણ થાય કે ઉમેદવારે એસ.સી./એસ.ટી. ના ખાનામાં ટીક કર્યુ છે તે પણ તે એસ.સી./એસ.ટી. (અનુ.જાતિ, અનુ.જનજાતિ) નથી તો તેનો પ્રવેશ રદ થશે. ઉમેદવાર એસ.સી./એસ.ટી. હોય તો ૨(ખ) ટીક કરો. અને અપંગ હોય તો ૨(ઘ) માં યોગ્ય જગ્યાએ હા કે ના લખો.

૩) અ) અરજીપત્રક ક.નં. ત્રણમાં જન્મતારીખ અંકોમાં તેમજ શબ્દોમાં લખવી તથા શાળાના રેકોર્ડમાં દર્શાવ્યા પ્રમાણેની સાચી જન્મતારીખ લખવી. જો શાળાના રેકોર્ડમાં બતાવેલી જન્મ તારીખ કરતાં જુદી હશે તો તેમનો પ્રવેશ રદ થવાને પાત્ર છે.

ખ) યોગ્ય કાયમી ઓળખચિન્હ કોલમ નં.૪ અરજીપત્રકમાં સ્પષ્ટ લખવું.

૪) હાલમાં પડાવેલા પાસપોર્ટ સાઈઝના બે ફોટો અરજીપત્રક ઉપર અને બીજો પ્રવેશપત્ર ઉપર ચોટાડવો. ઉમેદવાર જે શાળામાં ધોરણ પાંચમાં ભણતો હોય તે શાળાના હેડમાસ્તરની સહી અને સિકકો, ફોટો તથા અરજીપત્રક બન્ને ઉપર આવે તે રીતે હોવો જોઈએ.

૫) વિદ્યાર્થી અને તેમના માતા-પિતા/ વાલી બન્નેએ અરજીપત્રકમાં રહેલા નિયમો વાંચ્યા પછી જ અરજીપત્રક ઉપર સહી કરવી અને તારીખ લખવી.

૬) જયાં જરૂર જણાય ત્યાં અરજીપત્રક ભરવા માટે શાળાના હેડ માસ્તરની મદદ લેવી. તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે તેમના સમકક્ષ અધિકારીશ્રીને સોંપતા પહેલા તેની ઉપર હેડ માસ્તરની સહી અને સિકકો લગાડવાનું ભુલવું નહી.

૭) પ્રવેશપત્રની કોલમ નં.૧ થી ૭ ની વિગતો ઉમેદવારે પ્રાદેશિક ભાષા (ગુજરાતી)માં અથવા જે માધ્યમની શાળામાં ભણતો હોય તે ભાષામાં ભરવી તથા અરજીપત્રક સોંપતી વખતે ઉમેદવાર જે શાળામાં ભણતો હોય તે શાળામાં આચાર્યની હાજરીમાં પ્રવેશપત્ર ઉપર સહી કરવી.

૮) ૮ મી ~~જાન્યુઆરી~~ એપ્રિલ ૨૦૧૭ ને ~~રવિવાર~~ શનિવાર સવારે ૧૧.૩૦ વાગ્યે લેવામાં આવનારી પરીક્ષાના અરજીપત્રક તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની ઓફિસમાં પહોંચાડવાની છેલ્લી તારીખ ~~૧૬ સપ્ટેમ્બર ૨૦૧૬ છે~~ ૩૧ જાન્યુઆરી ૨૦૧૭ છે.

ચેતવણી :- અરજીપત્રકમાં કોઈપણ કોલમ ભરવાની રહી ગઈ હશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે. અરજદારે પ્રવેશ માટે બધી જ યોગ્ય આવશ્યકતાઓ માટે ખાતરી કરી લેવી. જેવી કે શિક્ષણ, ઉંમર, જાતિ (અનુ.જાતિ/અનુ. જનજાતિ) શહેરી અથવા ગ્રામીણ, શારીરિક રીતે અશકત વગેરે કોઈપણ માહિતી ખોટી છે. આમ જણાશે તો પ્રવેશ રદ કરવામાં આવશે તથા આ વિષયમાં જવાહર નવોદય વિદ્યાલયનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે. તેમજ જયાં સુધી વિદ્યાર્થી હાજર રહયો હોય ત્યાં સુધીનો ખર્ચ તેની પાસેથી વસુલ કરવામાં આવશે અને આ વિષયમાં કોઈપણ પત્ર વ્યવહાર ઉપર ધ્યાન અપાશે જ નહીં.

તાલુકા પ્રા[illegible] શિક્ષણ અધિકારી [illegible]
[illegible] ૩૧.૦૧.૨૦૧૭
[illegible] ૦૮/૦૪/૨૦૧૭
[illegible] સવારે ૧૧.૩૦કલાકે

દિવ્ય ભાસ્કર

અમદાવાદ, સોમવાર, 9 જાન્યુઆરી, 2017 | 16

## જવાહર નવોદય વિદ્યાલય,અમદાવાદ પ્રવેશ પરીક્ષા ૨૦૧૭ બાબત

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય ની સ્વાયત્ત સંસ્થા નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા જવાહર નવોદય વિદ્યાલય અમદાવાદ જિલ્લામાં જુલાઈ ૨૦૧૭ થી શરૂ કરવામાં આવનાર છે. જેની પ્રવેશ પરીક્ષા ૮ એપ્રિલ ૨૦૧૭ ના રોજ અમદાવાદ જિલ્લાના તાલુકાઓના નિર્ધારિત કેન્દ્રો પર યોજવામાં આવશે. હાલ ધોરણ ૫ માં અમદાવાદ જિલ્લા ની માન્ય શાળામાં અભ્યાસ કરતા બાળકો જ પ્રવેશ પરીક્ષાનું ફોર્મ ભરવા પાત્ર છે. પ્રવેશ પરીક્ષા નું અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧.૦૧.૨૦૧૭ છે. આ માટેના અરજી પત્રકો નીચે જણાવેલ જગ્યાઓ પરથી પ્રાપ્ત થશે:-

- અમદાવાદ જિલ્લા ના ગ્રામ્ય વિસ્તારના બાળકો અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ની અધિકાર ક્ષેત્રમાં આવતા બાળકો એ તાલુકા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તાલુકા પંચાયત, શિક્ષણ વિભાગ માંથી મેળવી જે તે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં તારીખ ૩૧.૦૧.૨૦૧૭ સુધીમાં પરત કરવાના રહેશે.
- અમદાવાદની મુનીસીપલ અંતર્ગત આવતા બાળકોએ નગર પ્રાથમિક શિક્ષણની કચેરી, એલીશબ્રીજ શાળા નંબર ૧૦ માંથી મેળવી ત્યાંજ પરત જમા કરવાના રહેશે.
- આ સિવાય અરજી પત્રક જવાહર નવોદય વિદ્યાલય, સામેત્રી, જિ: ગાંધીનગર થી મેળવી શકાશે અને તેની વેબસાઈટ www.jnvgandhinagar.org પરથી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.
- અરજી પ્રત્રક ની જેરોક્ષ કોપી કરી અરજી ફોર્મ ભરી શકાશે.

**જવાહર નવોદય વિદ્યાલય ની વિશેષતાઓ :**

૧. જવાહર નવોદય વિદ્યાલયમાં સહ શિક્ષણ આપવા માં આવે છે જેમાં છાત્ર-છાત્રાઓ માટે અલગ રહેવાની વ્યવસ્થા છે. સ્ટાફ પણ વિદ્યાલય કેમ્પસ માં જ રહે છે.

૨. રાષ્ટ્રીયતાના વિકાસ માટે ધોરણ ૯ માં ભણતા બાળકો માંથી ૩૩% બાળકો ને એક રાજ્ય માંથી બીજા રાજ્ય માં એક વર્ષ માટે સ્થાનાંતરિત કરવા માં આવે છે.

૩. જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવેલ બાળકને શિક્ષણ, નિવાસ, સ્ટેશનરી, શિક્ષણ ને લાગતું સાહિત્ય અને ગણવેશ વિના મુલ્યે પુરા પાડવામાં આવે છે.

૪. આધુનિક સાંસ્કૃતિકમુલ્યો પર આધારિત ગુણવત્તા યુક્ત શિક્ષણ અને પ્રયાવરણ નું જ્ઞાન આપતું શિક્ષણ આપવામાં આવે છે

૫. બાળકોની સાહસિક વૃત્તિયો સંતોષાય અને તેનો સર્વાંગી વિકાસ થાય તે માટે શારીરિક શિક્ષણ પર ભાર આપવામાં આવે છે. વધુ વિગતો નવોદય વિદ્યાલય સમિતિ ની વેબસાઈટ www.nvshq.org અને www.nvsropune.gov.in પરથી મળવી શકાશે.

ફોન. ન :૦૨૭૧૬-૨૬૭૧૯૧

આચાર્ય

જવાહર નવોદય વિદ્યાલય, સામેત્રી, તા.દેહગામ

જિ: ગાંધીનગર

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૬૪૦/૨૦૧૭